सत्यमेव जयते
Government of Gujarat

**વર્ષ ૨૦૨૨-૨૩ નવી બાબત.**
**માંગણી ક્રમાંકઃ ૯૩, રૂ.૧૨.૦૦/- લાખ**
**માંગણી ક્રમાંકઃ ૯૬, રૂ.૪૬૮.૦૦/- લાખ**

---

**ધોરણ-૦૯ની બિન આદિજાતિ વિસ્તાર યોજના હેઠળ ૦૧ (એક) તથા આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળની ૩૯ (ઓગણચાલીસ) મળી કુલ ૪૦ આશ્રમશાળાઓમાં ક્રમિક વિકાસથી વર્ગ શરૂ કરવા બાબત.**

**ગુજરાત સરકાર**
આદિજાતિ વિકાસ વિભાગ
**ઠરાવ ક્રમાંકઃ અમશ/૧૧૨૦૨૧/ન.બા-૦૮/ઘ**
સચિવાલય, ગાંધીનગર.
તા.**૨૭**/૦૬/૨૦૨૨

**વંચાણે લીધા : -**

(૧) મુંબઈ સરકારના શિક્ષણ વિભાગનો તા.૨૨/૧૨/૧૯૫૩નો ઠરાવ ક્રમાંકઃ BCH-૧૬૫૩-ED
(૨) આદિજાતિ વિકાસ વિભાગનો તા.૨૫/૧૧/૧૯૮૮નો ઠરાવ ક્રમાંકઃ અમશ/૧૪૮૮/૬૬૫/ગ
(૩) આદિજાતિ વિકાસ વિભાગનો તા.૨૭/૦૨/૨૦૧૩નો ઠરાવ ક્રમાંકઃ અમશ/૧૫૧૦/મં-૩/ઘ
(૪) નિયામકશ્રી, આદિજાતિ વિકાસની કચેરીના તા.૦૨/૧૨/૨૦૨૧ના પત્રો ક્રમાંકઃ આવિ/આશા/ફા.નં.૨૮૩૨/૨૦૨૧/૧૩૪૨ થી ૪૩
(૫) નિયામકશ્રી, આદિજાતિ વિકાસની કચેરીના તા.૧૨/૦૧/૨૦૨૨નો પત્ર ક્રમાંકઃ આવિ/આશા/ફા.નં.૨૮૪૨/૨૦૨૧/૨૦ થી ૨૧

**પ્રસ્તાવના :-**

નિયામકશ્રી, આદિજાતિ વિકાસની કચેરીના ક્રમાંક-૪ થી વંચાણે લીધેલ તા.૦૨/૧૨/૨૦૨૧ના પત્રો તથા ક્રમાંક-૫ થી વંચાણે લીધેલ તા.૧૨/૦૧/૨૦૨૨ના પત્રથી ધોરણ-૦૯ની **બિન આદિજાતિ વિસ્તાર યોજના હેઠળ ૦૧ (એક) તથા આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળની ૩૯ (ઓગણચાલીસ) મળી કુલ ૪૦** આશ્રમશાળાઓમાં ક્રમિક વિકાસથી ધોરણ-૦૯નો વર્ગ શરૂ કરવાની રૂ.૪૮૦.૦૦/- લાખની નવી બાબતની દરખાસ્ત કરવામાં આવેલ હતી. જેને મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

**ઠરાવ :-**

પુખ્ત વિચારણાને અંતે, દરખાસ્ત હેઠળની ૪૦ આશ્રમશાળાઓ માટે ધોરણ-૦૯ના વર્ગ ક્રમિક વિકાસથી શરૂ કરવાની તથા તે માટે શિક્ષણ સહાયક, વર્ગ-૩ના ૮૦ કર્મચારીઓના મહેકમની કુલ રૂ.૪૮૦.૦૦/- લાખની નવી બાબતને ફકરા-૩ માં દર્શાવેલ શરતોને આધિન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે :

## ધોરણ-૦૯નો વર્ગ ક્રમિક વિકાસથી શરૂ કરવાની મંજૂરી આપેલ આશ્રમશાળાઓની યાદી

| બિન આદિજાતિ વિસ્તાર યોજના | | | મંજૂર કરેલ શિક્ષણ સહાયક સંવર્ગની જગ્યા |
|---|---|---|---|
| ક્રમ | સંસ્થાનું નામ | આશ્રમશાળાનું નામ | |
| ૧ | સેવા નિકેતન ટ્રસ્ટ, ખેડબ્રહ્મા | આશ્રમશાળા આંબામહુડા, તા.પોશીના, જિ.સાબરકાંઠા | ૦૨ |
| આદિજાતિ વિસ્તાર પેટા યોજના | | | |
| ૧ | કૈવલજ્ઞાન સેવા નિકેતન ટ્રસ્ટ મગરકૂઇ | આશ્રમશાળા મગરકૂઇ, તા.વ્યારા, જિ.તાપી | ૦૨ |
| ૨ | વિવિધ ભારતી ટ્રસ્ટ પોશીના | આશ્રમશાળા મટોડા, તા.ખેડબ્રહ્મા, જિ.સાબરકાંઠા | ૦૨ |
| ૩ | શામળાજી પ્રદેશ કેળવણી મંડળ, શામળાજી | આશ્રમશાળા દિધિયા, તા.ખેડબ્રહ્મા, જિ.સાબરકાંઠા | ૦૨ |
| ૪ | શ્રી સાબરકાંઠા જીલ્લા સામાજિક પ્રગતિ મંડળ રીંટોડા | આશ્રમશાળા પૃથ્વીપુરા (જશવંતપુરા) તા.મેઘરજ, જિ.અરવલ્લી. | ૦૨ |
| ૫ | સર્વોદય યુવક મંડળ, આંબાબાર | આશ્રમશાળા આંબાબાર, તા.ભિલોડા, જિ.અરવલ્લી. | ૦૨ |
| ૬ | સાબર સેવા સંઘ, પાલ્લા | આશ્રમશાળા વાદિયોલ, તા.ભિલોડા | ૦૨ |
| ૭ | જન સેવા ટ્રસ્ટ, ખેરોજ | આશ્રમશાળા ખેરોજ, તા.ખેડબ્રહ્મા, જિ.સાબરકાંઠા. | ૦૨ |
| ૮ | વનવાસી ઉત્કર્ષ મંડળ, ભચડીયા | આશ્રમશાળા ગોરાડ, તા.દાંતા, જિ.બનાસકાંઠા | ૦૨ |
| ૯ | વનવાસી ઉત્કર્ષ મંડળ, ભચડીયા | આશ્રમશાળા પીપળાવાળી વાવ, તા.દાંતા, જિ.બનાસકાંઠા. | ૦૨ |
| ૧૦ | વનવાસી ઉત્કર્ષ મંડળ, ભચડીયા | આશ્રમશાળા કુંભારીયા, તા.દાંતા, જિ.બનાસકાંઠા. | ૦૨ |
| ૧૧ | બનાસ ગ્રામ વિકાસ સમિતિ પાલનપુર | આશ્રમશાળા રામપુરા (વડલા), તા.અમીરગઢ, જિ.બનાસકાંઠા. | ૦૨ |
| ૧૨ | આદિવાસી પ્રગતિ મંડળ, કુકરવાડા | આશ્રમશાળા માંકણચંપા, તા.દાંતા, જિ.બનાસકાંઠા. | ૦૨ |
| ૧૩ | રવિ પ્રગતિ મંડળ, જીતપુર ચાર રસ્તા | આશ્રમશાળા વેકરી, તા.દાંતા, જિ.બનાસકાંઠા. | ૦૨ |

| | | | |
|---|---|---|---|
| ૧૪ | જેસોર પીપલ્સ ક્લબ, ઈકબાલગઢ | આશ્રમશાળા થલવાડા, તા.દાંતા, જિ.બનાસકાંઠા. | ૦૨ |
| ૧૫ | સર્વોદય સેવા સંઘ, મચકોડા | આશ્રમશાળા હડાદ, તા.દાંતા, જિ.બનાસકાંઠા. | ૦૨ |
| ૧૬ | ભીલ સેવા મંડળ, દાહોદ ચાકલીયા રોડ, મુ.તા.જિ.દાહોદ | આશ્રમશાળા પાંચવાડા, મુ.પો.પાંચવાડા, તા.ગરબાડા, જિ.દાહોદ | ૦૨ |
| ૧૭ | આદ્ય કબીર મુમુક્ષેવક સંઘ મુ.પો.તા.સંતરામપુર, જિ.મહિસાગર | આશ્રમશાળા વાજીયાખુંટ, મુ.પો.વાંજીયાખુંટ, તા.સંતરામપુર, જિ.મહિસાગર | ૦૨ |
| ૧૮ | આધકબિર મુમુક્ષેવક સંઘ મુ.પો.તા.સંતરામપુર, જિ.મહિસાગર | આશ્રમશાળા ગરાડીયા, મુ.પો.ગરાડીયા, તા.સંતરામપુર, જિ.મહિસાગર. | ૦૨ |
| ૧૯ | જયમા ગાયત્રી કેળવણી મંડળ, તરવાડીયાભાવ, મુ.પો.તરવાડીયાભાવ, તા.જિ.દાહોદ | આશ્રમશાળા તરવાડીયાભાવ, મુ.પો.તરવાડીયાભાવ, તા.જિ.દાહોદ (બીજો વર્ગ) | ૦૨ |
| ૨૦ | ભારતીય જન સેવા સંસ્થાન ગોધરા, જિ.પંચમહાલ | શ્રી લવ કુશ આશ્રમશાળા મુ.કથોલા, પો.નવાગામ, તા.હાલોલ, જિ.પંચમહાલ | ૦૨ |
| ૨૧ | શ્રી સદગુરૂ સેવા ટ્રસ્ટ, રણુજાધામ સંજેલી, પો.તા.સંજેલી, જિ.દાહોદ | શ્રી રામદેવ આશ્રમશાળા, જસુણી, તા.સંજેલી, જિ.દાહોદ | ૦૨ |
| ૨૨ | અખીલ ગુજરાત આદિવાસી ગ્રામ્ય વિકાસ પરિષદ ગરબાડા, મુ.નવાફળિયા, પો.તા.ગરબાડા, જિ.દાહોદ | ઉ.ઉ.બુ.ચંદલા, મુ.ચંદલા, પો.મીનાક્યાર, તા.ગરબાડા, જિ.દાહોદ (બીજો વર્ગ) | ૦૨ |
| ૨૩ | ગુર્જર ભારતી દાહોદ ગીત નંદન એપાર્ટમેન્ટની સામે, ગોવિંદનગર, મુ.તા.જિ.દાહોદ | ઉ.ઉ.બુ. આશ્રમશાળા નગરાળા, મુ.પો.નગરાળા, તા.જિ.દાહોદ (બીજો વર્ગ) | ૦૨ |
| ૨૪ | સ્વામી વિવેકાનંદ સેવા સમિતિ ટ્રસ્ટ, મોટીસરસણ, તા.સંતરામપુર, જિ.મહિસાગર | ઉ.બુ.આશ્રમશાળા મોટી સરસણ, તા.સંતરામપુર, જિ.મહિસાગર (બીજો વર્ગ) | ૦૨ |
| ૨૫ | ભારતીય જન સેવા સંસ્થાન ગોધરા, જિ.પંચમહાલ | ઋતુબંરા કન્યા આશ્રમશાળા નાના નટવા, તા.સંતરામપુર, જિ.મહિસાગર (બીજો વર્ગ) | ૦૨ |

| | | | |
|---|---|---|---|
| ૨૬ | પંચમહાલ જિલ્લા ગ્રામ્ય વિકાસ પરિષદ, ગરબાડા, મુ.પો.તા.ગરબાડા, જિ.દાહોદ | આશ્રમશાળા મોટીખરજ, મુ.પો. મોટીખરજ, તા.જિ.દાહોદ. | ૦૨ |
| ૨૭ | પંચમહાલ જિલ્લા ખેડૂત કેળવણી મંડળ, લીમખેડા, તા.લીમખેડા, જિ.દાહોદ | આશ્રમશાળા દુધીયા, મુ.પો.દુધીયા, તા.લીમખેડા, જિ.દાહોદ. | ૦૨ |
| ૨૮ | હરિઓમ એજ્યુકેશન ટ્રસ્ટ, બલૈયા, મુ.પો.બલૈયા, તા.ફતેપુરા, જિ.દાહોદ | આશ્રમશાળા મોટાનટવા, મુ.પો.મોટાનટવા, તા.ફતેપુરા, જિ.દાહોદ. | ૦૨ |
| ૨૯ | હરિઓમ એજ્યુકેશન ટ્રસ્ટ, બલૈયા, મુ.પો.બલૈયા, તા.ફતેપુરા, જિ.દાહોદ | આશ્રમશાળા વડવાસ, મુ.પો.વડવાસ, તા.ફતેપુરા, જિ.દાહોદ. | ૦૨ |
| ૩૦ | ભીલ સેવા મંડળ, દાહોદ, ચાકલીયા રોડ, મુ.તા.જિ.દાહોદ | આશ્રમશાળા વરૂણા, મુ.પો.વરૂણા, તા.ફતેપુરા, જિ.દાહોદ | ૦૨ |
| ૩૧ | ભીલ સેવા મંડળ, દાહોદ, ચાકલીયા રોડ, મુ.તા.જિ.દાહોદ | આશ્રમશાળા સાગટાળા, મુ.પો. સાગટાળા, તા.દેવગઢબારીયા, જિ.દાહોદ. | ૦૨ |
| ૩૨ | ભીલ સેવા મંડળ, દાહોદ, ચાકલીયા રોડ, મુ.તા.જિ.દાહોદ | આશ્રમશાળા પાધોરા, મુ.પો.પાધોરા, તા.ઘોઘંબા, જિ.પંચમહાલ. | ૦૨ |
| ૩૩ | ભીલ સેવા મંડળ, દાહોદ, ચાકલીયા રોડ, મુ.તા.જિ.દાહોદ | શ્રી મોરા આશ્રમશાળા મુ.પો.મોરા, તા.મોરવાહડફ, જિ.પંચમહાલ. | ૦૨ |
| ૩૪ | પંચમહાલ કેળવણી મંડળ, કાલોલ, તા.કાલોલ, જિ.પંચમહાલ | કરોલી આશ્રમશાળા મુ.કરોલી, તા.કાલોલ, જિ.પંચમહાલ. | ૦૨ |
| ૩૫ | પંચમહાલ કેળવણી મંડળ, કાલોલ, તા.કાલોલ, જિ.પંચમહાલ | છતરડીવાવ આશ્રમશાળા, મુ.કરોલી, તા.કાલોલ, જિ.પંચમહાલ. | ૦૨ |
| ૩૬ | પંચમહાલ કેળવણી મંડળ, કાલોલ, તા.કાલોલ, જિ.પંચમહાલ | શિવરાજપુર આદિવાસી આશ્રમશાળા, મુ.પો.શિવરાજપુર, તા.હાલોલ, જિ.પંચમહાલ. | ૦૨ |
| ૩૭ | પંચમહાલ જિલ્લા ખેડૂત કેળવણી મંડળ, લીમખેડા, તા.લીમખેડા, જિ.દાહોદ | માધ્યમિક આશ્રમશાળા, સેવનીયા. | ૦૨ |

| | | | |
|---|---|---|---|
| ૩૮ | બારીઆ કેળવણી મંડળ, મુ.તા.દેવગઢબારીઆ, જિ.દાહોદ | શ્રી મહારાજા જગતસિંહજી આશ્રમશાળા, ભુવેરો (રતનમહાલ) | ૦૨ |
| ૩૯ | શ્રી ગાયત્રી કૃપા આદિવાસી યુવક મંડળ, કરવાઈકંપા, તા.કડાણા, જી.મહિસાગર | વૃંદાવન માધ્યમિક આશ્રમશાળા, કરવાઈકંપા, તા.કડાણા, જી.મહિસાગર | ૦૨ |

**શરતો :-**

(૧) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ વર્ષ ૨૦૨૨-૨૩ની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૪) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

(૮) આ જગ્યાઓ ઉપરની ભરતી સરકારશ્રીના જે તે જગ્યાના પ્રવર્તમાન ભરતી નિયમો અને નિયત ભરતી પધ્ધતિને અનુસરીને કરવાની રહેશે.

(૯) સીધી ભરતીના ફાળાની જગ્યાઓ વહીવટી મંજુરી મળ્યેથી છ માસમાં સીધી ભરતીથી ભરવા અંગે સા.વ.વિ./નાણા વિભાગ મારફત સ્થાયી સમિતિની મંજુરી મેળવી ભરતી પ્રક્રિયા હાથ ધરવાની રહેશે.

(૧૦) આ જગ્યાઓ ભરતી વખતે અનામતનું ધોરણ નિયમોનુસાર જળવાય તે નિયામકશ્રી, આદિજાતિ વિકાસની કચેરીએ જોવાનું રહેશે. આ જગ્યાઓ ભરતી વખતે બેકલોગની જગ્યા હોય તો તેને અગ્રીમતા આપવાની રહેશે.

(૧૧) આ જગ્યાઓ પર નિમણૂંક પારદર્શક પસંદગી પ્રક્રિયા હાથ ધરીને કરવાની રહેશે.

(૧૨) કોમ્પ્યુટરની જાણકારી માટે પ્રવર્તમાન ભરતી નિયમોનુસાર ઉમેદવાર નિયત થયેલ કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરેલ/લાયકાત ધરાવતા હોવા જોઈએ.

(૧૩) રાજ્ય સરકાર દ્વારા વખતોવખત નિયત કરવામાં આવેલ ભાષાકીય-ખાતાકીય પરીક્ષાઓ નિયત તકમાં પાસ કરવાની રહેશે.

(૧૪) જે તે જગ્યાઓના પગાર-ધોરણો આર.ઓ.પી.-૨૦૧૬ પ્રમાણે છે કે કેમ તે ખાતરી કરી લેવાની જવાબદારી નિયામકશ્રી, આદિજાતિ વિકાસની કચેરીની રહેશે.

(૧૫) વર્ગ-૩ ની જગ્યાઓ ભરતી નિયમોની જોગવાઈ મુજબ જો બઢતીના ફાળે આવતી હોય તો તે પ્રમાણે અને જો સીધી ભરતીના ફાળે આવતી હોય તો નાણાં વિભાગના તા. ૧૬/૦૨/૨૦૦૬ થી અમલી બનેલ ફીક્સ પગારની નીતિ અને નાણા વિભાગના તા. ૨૮/૦૩/૨૦૧૬ ના ઠરાવથી નિયત થયેલ બોલીઓ અને શરતો અનુસાર અને તેમાં વખતોવખત થયેલ સુધારાઓની જોગવાઈઓ પ્રમાણે ભરવાની રહેશે.

(૧૬) સીધી ભરતીથી નિમણૂક પામનાર ઉમેદવારને નિયમિત નિમણૂક મળ્યા બાદ નાણાં વિભાગના તા.૧૮/૩/૨૦૦૫ ના ઠરાવ ક્રમાંકઃનપન/૨૦૦૩/જીઓઆઈ/૧૦ (પા.ફા.) ની જોગવાઈ પ્રમાણે રાજય સરકાર દ્વારા તા.૧/૪/૨૦૦૫ થી દાખલ કરવામાં આવેલ નવી વર્ધીત પેન્શન યોજના હેઠળ આવરી લેવાના રહેશે.

(૧૭) આ નવી મંજૂર કરેલ જગ્યાઓ જે-તે નાણાકીય વર્ષના અંત સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવે છે. ત્યારબાદ જગ્યાઓ વખતોવખત ચાલુ રાખવાની થાય તો નિયામકશ્રી, આદિજાતિ વિકાસની કચેરીએ જગ્યાઓ લંબાવવાની દરખાસ્ત મુદ્દત પૂરી થતા પહેલાંના એક માસ અગાઉ આ વિભાગને દરખાસ્ત રજૂ કરી જગ્યા વધુ સમય ચાલુ રાખવાની મંજૂરી મેળવી લેવાની રહેશે.

(૧૮) સીધી ભરતી/બઢતીના ફાળાની નવી ઊભી થયેલ જગ્યાઓની સેવાઓ કરાર આધારિત/આઉટ સોર્સથી લેવાની જરૂરિયાતના સંજોગોમાં અચૂક નાણા વિભાગ (કરકસર પ્રભાગ)ની પૂર્વ મંજુરી મેળવી લેવાની રહેશે.

(૧૯) સદર વહીવટી મંજુરી અન્વયે સતત ત્રણ વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજુરી આપોઆપ રદ ગણાશે.

(૨૦) ગુજરાત સરકારના નિયમ મુજબ વર્ગ-૩ સંવર્ગની તમામ જગ્યાઓ વૉક-ઇન-ઇન્ટરવ્યુ(સાક્ષાત્કાર કસોટી) દ્વારા ભરી શકાશે નહીં.

(૨૧) રાજ્ય સરકાર દ્વારા વખતો-વખત નિયત કરેલ કાર્યભારણનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૨૨) શિક્ષણ વિભાગની નીતિ પ્રમાણે માધ્યમિક શાળાની માધ્યમિક શિક્ષણ બોર્ડની મંજૂરી મેળવી ધોરણ-૯નો વર્ગ શરૂ કરવાનો રહેશે.

(૨૩) વર્ગદીઠ છાત્રોની સંખ્યા ૪૦ની રહેશે.

(૨૪) શાળાએ જરૂરી પ્રમાણપત્રો, આંકડાકીય માહિતી, રજીસ્ટરો તથા અન્ય રેકર્ડ અદ્યતન રીતે નિભાવવાના રહેશે. બાયોમેટ્રિક એટેન્ડન્સ સીસ્ટમ પ્રમાણે હાજરી નિભાવવાની રહેશે.

(૨૫) સંસ્થાએ વિદ્યાર્થીઓના નોર્મ્સ મુજબ તમામ ભૌતિક સુવિધાઓ જેવી કે પૂરતું ક્ષેત્રફળ ધરાવતું મકાન, વર્ગખંડ માટેની જગ્યા, પીવાના પાણીની સુવિધા, પલંગ, પથારી-પાંગરણની સુવિધા, બાથરૂમ, ટોયલેટની સંપૂર્ણ સુવિધા તાત્કાલિક ઉપલબ્ધ કરવાની રહેશે.

(૨૬) આદિજાતિ વિકાસ વિભાગે કે શિક્ષણ ખાતાએ વખતોવખત નિયત કરેલ શિક્ષણ વિષયક સામાન્ય નિયમોનું કર્મચારીઓ તેમજ વિદ્યાર્થીઓએ ઉચિત રીતે પાલન કરવાનું રહેશે.

(૨૭) સંસ્થાએ આપવાની થતી ગ્રાન્ટનું પ્રમાણ સરકારશ્રીના વખતોવખતના નિયમોને આધીન રહેશે.

(૨૮) ભરતીની માન્ય પ્રક્રિયા સિવાય સંસ્થાકીય રીતે નિમાયેલ તથા સામાન્ય રીતે નિમાયેલ શૈક્ષણિક/બિન શૈક્ષણિક સ્ટાફની નિમણૂંકો નિયમિત થઇ શકશે નહી. આ બંને પ્રકારે નિમાયેલ શૈક્ષણિક/બિન શૈક્ષણિક કર્મચારીઓને સંસ્થાએ છૂટા કરવાના રહેશે.

(૨૯) સંસ્થા આશ્રમશાળાના સંચાલન અને વહીવટ માટે નિયામકશ્રી, આદિજાતિ વિકાસ, ગુજરાત રાજ્ય ગાંધીનગર તરફથી જે સૂચનાઓ આપવામાં આવતી હોય તેનો ચુસ્તપણે પાલન કરતી હોવી જોઇએ.

(૩૦) સંસ્થા દ્વારા કન્યાઓની સુવિધા અને સુરક્ષા માટે પુરતી વ્યવસ્થા કરેલી હોવી જોઇએ.

ક્રમિક વિકાસથી મંજૂર થયેલ ધોરણ-૦૯ના ઉક્ત વર્ગ માટેની પ્રસ્તુત રૂ.૪૮૦.૦૦/- લાખની નવી બાબતનો ખર્ચ વર્ષ ૨૦૨૨૨-૩ના અંદાજપત્રમાં નીચેના પત્રકની વિગતોએ ચાલુ નાણાકીય વર્ષની જોગવાઇમાંથી મેળવવાનો તેમજ ઉધારવાનો રહેશે .

| **ક્રમ** | **માંગણી ક્રમાંક અને સદરની વિગત** | **મંજૂર થયેલ રકમ (લાખમાં)** | **મંજૂર મહેકમની સંખ્યા** |
|---|---|---|---|
| ૧ | **બિન આદિજાતિ વિસ્તાર યોજના** માંગણી ક્રમાંકઃ ૯૩ મહેસૂલ, મુખ્ય સદરઃ ૨૨૨૫-અનુસુચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને અન્ય પછાત વર્ગ અને લઘુમતિઓનું કલ્યાણ, પેટા મુખ્ય સદરઃ૦૨ અનુસૂચિત આદિજાતિનું કલ્યાણ, ગૌણ સદરઃ ૨૭૭ શિક્ષણ, ૦૯ વીકેવાય-૧૧: સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા ચાલતી અનુદાનિત આશ્રમશાળા ઉ.બુ.આશ્રમશાળાઓ | ૧૨.૦૦ | ૦૨ |
| ૨ | **અનુસૂચિત જનજાતિ વિસ્તાર** માંગણી ક્રમાંકઃ ૯૬ મહેસૂલ, મુખ્ય સદરઃ ૨૨૨૫-અનુસુચિત જાતિઓ, અનુસુચિત આદિજાતિઓ અને અન્ય પછાત વર્ગ અને લઘુમતિઓનું કલ્યાણ, પેટા મુખ્ય સદરઃ૦૨ અનુસુચિત આદિજાતિઓનું કલ્યાણ, ગૌણ સદરઃ ૭૯૬ આદિજાતિ વિસ્તાર પેટા યોજના ૦૯ વીકેવાય-૧૧: સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા ચાલતી અનુદાનિત આશ્રમશાળા ઉ.બુ.આશ્રમશાળાઓ | ૪૬૮.૦૦ | ૭૮ |

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તા.૧૪/૦૬/૨૦૨૨ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે .

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે .

**(આઇ.એ.દેસાઇ)**
સંયુક્ત સચિવ
આદિજાતિ વિકાસ વિભાગ

**પ્રતિ -:**

- માન.રાજયપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી(આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

- સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી,આદિજાતિ વિકાસ વિભાગ,સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, (ખર્ચ)ના રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી (આ.વિ.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, આદિજાતિ વિકાસ,બિરસા મુંડા ભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- સેકશન અધિકારીશ્રી, બજેટ શાખા, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજર, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિલેકટ ફાઇલ.